# કુડાના રણ અંગે જાહેર વિજ્ઞપ્તિના માથાળા હેઠળ DCW (ધાંગધ્રા) કંપની દ્વારા સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેર ખબર સંદર્ભે વાસ્તવિકતા અને હકીકતો

કુડાના રણ અંગે જાહેર વિજ્ઞપ્તિના માથાળા હેઠળ DCW (ધાંગધ્રા) કંપની દ્વારા સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી કચ્છના નાનારણમાં ગામ-કુડા, તા. ધાંગધ્રા, જીલ્લો: સુરેન્દ્રનગર મધ્યે મીઠાના ઉત્પાદન માટે ૫૪૨૮ એકર અને ૩૦ ગુંઠા જમીન કાયમી ધોરણે હક્ક અને કબજો ધરાવતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

હકીકતમાં કચ્છનું નાનુરણ ગુજરાત સરકારના તા. ૧૨ મી જાન્યુઆરી ૧૯૭૩ નાં જાહેરનામાથી ઘૂડખર અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું છે. અભયારણ્ય જાહેર થવાથી જાહેરનામામાં આવરી લેવાયેલ તમામ જમીન અભયારણ્યના તાબામાં આવી જાય છે. DCW કંપની દ્વારા સર્વે સેટલમેન્ટની કાર્યવાહીમાં તા. ૧૧-૧૧-૧૯૯૭ ના રોજ કરવામાં આવેલ દાવા અરજી કેસ નંબર: A ૬૧ નો નિકાલ કરતાં સર્વે સેટલમેન્ટ કલેકટરે DCW કંપનીનો હક્ક તા. ૧૨ ડિસેમ્બર ૨૦૦૫ ના હુકમથી માન્ય રાખેલ છે.

સર્વે સેટલમેન્ટનો ફાઇનલ રિપોર્ટ અત્યારે ગજરાત સરકાર પાસે વિચારણા હેઠળ છે. સર્વે સેટલમેન્ટની કાર્યવાહીમાં જેમના હક્ક-દાવા માન્ય રાખવામાં આવ્યાં છે, તેમને સરકાર વળતર ચૂકવી શકે અથવા જે તે જમીનને અભયારણ્યની હદમાંથી બાકાત કરી શકે, કે યોગ્ય શરતોને આધીન ઉપયોગ કરવાની મંજૂરી આપી શકે, અથવા પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ વિના-વળતરે જમીન સંપાદિત કરી શકે. જ્યાં સુધી સરકાર આ રિપોર્ટ પર કોઈ નિર્ણય લે નહીં ત્યાં સુધી આ જમીનનો મીઠા ઉત્પાદન માટે ઉપયોગ કરવાનો DCW કંપનીને કોઈ હક્ક કે અધિકાર નથી. આથી આ જમીન આજે પણ તેમની માલિકી અને કબજાની ગણી શકાય નહીં. તેમ છતાં જો કંપની જમીન તેમની માલિકીની ગણી તેની પર મીઠું પકવે તો તે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ નો ભંગ થયો ગણાય.

હકીકતમાં ‘વન અધિકારનો કાયદો-૨૦૦૬’ અમલમાં આવતાં તેની જોગવાઈઓ મુજબ કચ્છના નાના-રણમાં મીઠું પકવતા અગરિયાઓનો તેમાં સમાવેશ થાય છે. ‘વન અધિકારનો કાયદો-૨૦૦૬’ ના બિન આદિવાસી વિસ્તારોમાં અમલ માટે ગુજરાત સરકારે તા ૨૨-૮-૨૦૧૫ ના રોજ બિન-અનુસુચિત વિસ્તારો માટે વનઅધિકાર કાયદાના અમલીકરણ અંગે વિગતવાર પરિપત્ર કર્યો છે. મહત્વની બાબત એ છે કે, આ કાયદા હેઠળ અગરિયાઓના આજીવિકાના અધિકારોને માન્યતા આપવાથી ઘુડખર અભયારણ્યની જમીન વન-વિભાગ પાસે જ રહે છે, અને અગરિયાઓને માત્ર સીઝન પૂરતા રણમાં જઈ મીઠું પકવવાના સામુદાયિક અધિકાર મળે છે.

વનઅધિકાર કાયદાની કલમ ૨ (એ), અને ૨ (ઓ) અનુસાર વન-સંસાધનો પર નિર્ભર હોય અથવા ત્યાં રહેતા હોય તેવા બિન-આદિજાતિ સમુદાયોના પણ માલિકી, અથવા સામુદાયિક વપરાશના અધિકારોને માન્યતા મળે છે. કાયદાની કલમ ૨ (ડી) માં "જંગલ વિસ્તારની વ્યાખ્યામાં "તમામ અભયારણ્યને આવરી લેવાયા છે. આ સંદર્ભે કચ્છનું નાનુંરણ "ઘુડખર અભયારણ્ય" હોવાથી અહીં પરંપરાગત રીતે આજીવિકા માટે નિર્ભરતા ધરાવતા સમુદાયોના અધિકારોને માન્યતા મળે છે.

વનઅધિકારનો કાયદો-૨૦૦૬ની કલમ ૪ અન્ય કાયદાઓ પર વન અધિકારનો કાયદો-૨૦૦૬ની સર્વોપરિતા સ્થાપિત કરે છે. આથી આગરિયાના નાનારણ પરના મીઠું પકવવાના અધિકારોને માન્યતા આપવાની પ્રક્રિયા જ્યાં સુધી પૂરી ના ત્યાં સુધી ઘુડખર અભયારણ્ય વિસ્તારની સર્વે અને સેટલમેન્ટની કાર્યવાહી પૂર્ણ કરી શકાય નહિ.

આગરિયાઓને આ બાબતે કોઈ ટ્રિબ્યુનલના ચુકાદા કે અન્ય કોઈ કાયદાનો બાધ આવતો નથી. તમ છતાં જો આગરિયાઓને કચ્છના નાનારણમાં કોઈપણ સ્થળે મીઠું પકવતા રોકવા કે તેમાં બિન-જરૂરી અને બિન-સત્તાવાર રીતે અંતરાય ઊભા કરવા તે અયોગ્ય હોવા ઉઆપરાત ગેર-બંધારણીય અને ગેર-કાનૂની છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતાં આગરિયાઓએ કંપનીની જમીનમાં કોઈ પેશ-કદમી કરી નથી. હકીકતમાં આજની તારીખે આ જમીન ઘૂડખર અભયારણ્યની માલિકી, કબજા અને ભોગવટા અને તાબામાં છે. આથી કંપનીને આગરિયાઓને રોકવાનો કોઈ હક્ક કે અધિકાર બનતો નથી.

આ ઉપરાંત વિશ્વબેંક દ્વારા અનુદાનિત 'Biodiversity Conservation and Rural Livelihoods Improvement Project' (BCRLIP) અંતર્ગત ઘૂડખર અભયારણ્ય ઓથોરીટી વન્યપ્રાણીના 'Community based conservation' ને પ્રોત્સાહિત કરે છે. જેમાં ઘૂડખર અને અગરિયા બંનેના સહ-અસ્તિત્વને સ્વીકારવામાં આવ્યું છે.

આ સમગ્ર બાબતોને ધ્યાને લેતાં આગરિયાઓના વંશ-પરંપરાગત આજીવિકાના અધિકારનો આદર કરી સમાજના સૌથી છેવાડે વસતા અને સદીઓથી શોષિત આગરિયાઓને આત્મ-સન્માન અને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે સરકાર અને સમાજ બંનેએ મદદરૂપ થવું જોઈએ.